# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-08-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M ઉઝબેકિસ્તાનની યાત્રા સંપન્ન:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉઝબેકિસ્તાની યાત્રા ગઈકાલે સંપન્ન થઈ ગઈ. શ્રી મોદી અને રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવની વાતચીત ઉપરાંત આ યાત્રાની અન્ય પણમહત્વપુર્ણ ઉપલબ્ધિઓ અંતર્તગ ભારત અને ઉઝબેકિસ્તાને તેમની પરસ્પર વ્યૂહાત્મક ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સ્તર સુધી વધારવાની જાહેરાત કરી. બંને દેશોએ ખાણકામ, આયુર્વેદ, પર્યટન, આર્થિક અને નાણાકીય સંવાદ, વ્યાપક અને વ્યૂહાત્મક ભાગીદારી, ઉચ્ચ શિક્ષણ અને પર્યાવરણ સહિત વિવિધ ક્ષેત્રોમાં અગિયાર સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ સન્માન ઓલી દરજાલી ડસ્ટલિક ઓર્ડર પણ એનાયત કરવામાં આવ્યું હતું.**

**પ્રધાનમંત્રી શ્રી મોદી અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન બંને દેશો 2030 સુધીમાં 5 અબજ ડોલરના દ્વિપક્ષીય વેપારનું લક્ષ્ય નક્કી કરવા સંમત થયા હતા તેમ શ્રી મોદીએ જણાવ્યું.**

**--------------------------------------------------------------------------------------------**

## P.M –મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા 'મિશન શક્તિસેટ'નો પણ ઉલ્લેખ કરતા કહ્યું કે, આ મિશન દ્વારા 108 દેશોની**

**12 હજાર વિદ્યાર્થિનીઓને નવીનતાના ક્ષેત્રમાં સેટેલાઇટ ટેકનોલોજી શીખવાની તક મળી રહી છે.**

**મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ લોકોને આ તહેવારોની મોસમ દરમિયાન 'વોકલ ફોર લોકલ' બનવા પણ વિનંતી કરી. શ્રી મોદીએ કહ્યું કે, ભારતમાં બનેલા ઉત્પાદનો પર ગર્વ લેવાથી જ આત્મનિર્ભર ભારત બનાવવાનો માર્ગ મોકળો થશે.**

**---------------------------------------------------------------------------------------------------**

## કચ્છના દુર્ગમ સરહદી વિસ્તારને માળખાકીય આધાર આપવાની કામગીરીનો પ્રારંભ:

**કેન્દ્ર સરકારે કચ્છના દુર્ગમ સરહદી પટ્ટાને મજબૂત માળખાંકીય આધાર આપવાની દિશામાં 432 કરોડ રૂપિયા કરતાં વધુના ખર્ચે સુરક્ષા વ્યવસ્થા માટેનું કાર્ય આરંભ્યુ છે. આ પ્રોજેક્ટમાં જેટી, પહોંચ માર્ગો, કલ્વર્ટ, ઊંચા નિરીક્ષણ ટાવર, ડ્રાજિંગ, પાણી સંગ્રહ, જનરેટર અને આંતરિક વીજળીની સુવિધાઓ સાથે સરહદી કામગીરી માટે જરૂરી સમગ્ર માળખું ઊભું કરવાની યોજના છે. કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગે જીલ્લાના ભારત પાકિસ્તાન સરહદના ક્રીક વિસ્તારમાં આ માટે પ્લાનિંગ, સામગ્રીની ખરીદી અને બાંધકામ કરીને તૈયાર પ્રોજેક્ટ સરકારને સુપરત કરે તે આધારિત પદ્ધતિથી ટેન્ડર બહાર પાડયું છે.**

**આ કામ 32 મહિનામાં પૂરું કરાશે. આ પ્રોજેક્ટની સૌથી મહત્વની બાબત એ છે કે, કચ્છના ક્રીક વિસ્તારમાં સરહદી સુરક્ષા માટે જરૂરી અલગ અલગ સુવિધાઓને છૂટાછવાયા કામ તરીકે નહીં, પરંતુ એક જ મોટા માળખાંકીય પેકેજ તરીકે વિકસાવવામાં આવશે. સરહદી ચોકી ઊભી થશે, તેની સાથે ચોકી સુધી પહોંચવાનો માર્ગ પણ હશે. પાણીના વિસ્તારમાં કામગીરી માટે જેટી પણ હશે, ઊંચાઈ પરથી નજર રાખવા માટે નિરીક્ષણ ટાવર પણ હશે અને મુશ્કેલ જળપ્રદેશમાં જરૂરી ડ્રાજિંગની કામગીરી પણ કરવામાં આવશે.**

**---------------------------------------------------------------------------------------------------**

## જિલ્લામાં નીટની પરીક્ષા :

મેડિકલ ક્ષેત્રે પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા સ્નાતક તબીબો માટે નેશનલ બોર્ડ ઓફ એકઝામિનેશન્સ ઇન મેડિકલ સાયન્સીસ દ્વારા દેશભરમાં નીટ-પીજી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતે પરીક્ષા પદ્ધતિમાં નોંધપાત્ર બદલાવ કરવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર પ્રશ્નપત્રને 5 અલગ-અલગ સમયબદ્ધ વિભાગોમાં વહેંચવામાં આવ્યું હતું. સવારે 9 થી બપોરે 12.30 વાગ્યા સુધીના 3 કલાક અને 30 મિનિટના સમયગાળા દરમિયાન પરીક્ષા લેવાઇ હતી. કચ્છમાં 70 વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં આ પરીક્ષા આપી હતી. કચ્છમાં એકમાત્ર કેન્દ્ર એવા કચ્છ યુનિ.ના કોમ્પ્યુટર સાયન્સ વિભાગ ખાતે આ પરીક્ષા યોજવામાં આવી હતી. આખીય પરીક્ષા ઓનલાઇન માધ્યમથી લેવામાં આવી હતી.પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી.

---

## અંજારમાં બ્લડ બેંક શરૂ કરાશે:

કોઈ આકસ્મિક સંજોગોમાં રક્તદાતાઓ પોતાના રક્તનું અનુદાન કરી કોઈનો જીવ બચાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ લોકોએ કરેલાં રક્તદાનને સંગ્રહ માટે યોગ્ય વ્યવસ્થાના અભાવે અંજાર સહિત આજુબાજુના વિસ્તારના લોકોને અનેક પ્રકારની હાલાકી વેઠવી પડતી હતી. આ સ્થિતિને પહોંચી વળવા માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અંજાર શાખા દ્વારા બલ્ડબેંક આગામી એકાદ મહિનામાં રેડક્રોસની બિલ્ડિંગમાં કાર્યરત કરવામાં આવશે. તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય વિભાગ દ્વારા આ અંગે મંજૂરી આપવામાં આવી છે. જેના કારણે અંજારમાં ટુંક સમયમાં બલ્ડ બેંક કાર્યરત કરાશે.

---

## હિંડોળા મહોત્સવનું સમાપન:

**સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક માસથી ચાલી રહેલા હિંડોળા ઉત્સવનો ગઈકાલે અંતિમ દિવસ હોઈ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ પહોંચ્યા હતા. આ મહિના દરમિયાન અંદાજિત 2 લાખ 40 હજારની આસપાસ દેશ-વિદેશના લોકોએ આ કલાત્મક હિંડોળા દર્શનનો લાભ લીધો હતો. હિંડોળા ઉત્સવની પૂર્વ સંધ્યાએ નેપાળ જળસંકટમાં મૃત્યુ પામેલાને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા.**

**---------------------------------------------------------------------------------------------------**

## માંડવી તાલુકામાં વિકાસકામો:

**માંડવી તાલુકાના વાડી વિસ્તારના માર્ગોનાં નિર્માણ અંતર્ગત વીરાયતન નજીક વિવિધ રૂ. 2 કરોડ 46 લાખના વિકાસકામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયા હતાં.**

**---------------------------------------------------------------------------------------------------**